# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/ ૨૭ /૨૦૧૭, તા.૨૦/૦૯/૨૦૧૭

હું, એ.કે.સિંઘ, **(I.P.S.)**, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરમાં આગામી નવરાત્રી મહોત્સવ દરમ્યાન તા.૨૧/૦૯/૨૦૧૭ થી તા.૨૯/૦૯/૨૦૧૭ દરમિયાન જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબના હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં તા.૨૧/૦૯/૨૦૧૭ થી તા.૨૯/૦૯/૨૦૧૭ દરમિયાન નવરાત્રી મહોત્સવ અંગે ;

૧) નીચે જણાવ્યા મુજબના માર્ગ ઉપર કલાક ૨૩.૦૦ થી રાત્રી કલાક ૦૩.૦૦ સુધી તમામ પ્રકારના ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

- **તા.૨૧/૦૯/૨૦૧૭ થી ૨૯/૦૯/૨૦૧૭ સુધી દરરોજ રાત્રીના કલાક ૨૩.૦૦ થી મોડી રાત્રીના કલાક ૦૩.૦૦ સુધી એસ.જી. હાઇવે ઉપર ( વૈષ્ણોદેવી સર્કલ થી ઉજાલા સર્કલ સુધીનો માર્ગ ) તમામ પ્રકારના ભારે વાહનો અવર જવર કરી શકશે નહી.**

**વૈકલ્પિક માર્ગ:**

- વૈષ્ણોદેવી સર્કલ થી સરદાર પટેલ રીંગ રોડ થઇ સરખેજ તરફ આવ-જા કરી શકાશે.
- સરખેજ સાણંદ ચોકડી (ઉજાલા સર્કલ) થી સરદાર પટેલ રીંગ રોડ થઇ વૈષ્ણોદેવી સર્કલ તરફ આવ-જા કરી શકાશે.
- અમદાવાદ શહેરમાં આવવા માટે વૈષ્ણોદેવી થી તપોવન સર્કલ થઇ સાબરમતી તરફ આવ-જા કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૧/૦૯/૨૦૧૭ થી તા.૨૯/૦૯/૨૦૧૭ સુધી દરરોજ ઉપર્યુક્ત દર્શાવેલ સમય મુજબ કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૦/૦૯/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૦/૦૯/૨૦૧૭
અમદાવાદ શહેર.

City Commissioner of Police Ahmedabad

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા